PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

| પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/ક્વા-૦૩/૨૦૨૩-૨૪/ ૩[illegible]૬૨-૧ | તારીખ : ૦૭ - ૧૧ - ૨૦૨૩ |
|---|---|

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મેં. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી.
સર્વે નં. ૭૭૦/૧ અને ૭૭૦/૨, એલીકા વીટ્રીફાઈડ, લખધીરપુર રોડ, ૮- નેશનલ હાઈવે,
મું. પો. : ઘુંટુ, તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૯૭૯૪૮૮૬૯૯

**વિષય :** H.T. વીજજોડાણમાં લોડ ઘટાડાની અરજી ધ્યાને લેવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૭-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૫/ક્વા-૦૩/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૧.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી શહેર-૧.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૫/ક્વા-૩/૨૩-૨૪/3662-1 તા. 07-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

નોંધણી નંબર -૦૫/ક્વા-૩/૨૩-૨૪, તા.૦૯-૧૦-૨૦૨૩

અરજદાર : મેં. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી., મુ.: ઘૂંટું

રજૂઆત કરનાર : અરજદારશ્રીના પ્રતિનિધિ તરીકે ભરતભાઈ કડીવાર

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી -૧, મોરબી

રજૂઆત કરનાર : પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી -૧ મોરબી અને તેમની સાથે શ્રી એમ.એ. રાજ્યગુરૂ, અધિક્ષક હિશાબનીશ મોરબી પેટાવિભાગીય કચેરી નં-૧ રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૫-૧૦-૨૦૨૩ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ મે.સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. મોરબી-૧ વિભાગીય કચેરી હેઠળ ૩૨૦૦ કે.વી.એ.નું ગ્રાહક નંબર ૩૪૫૦૨ થી લખધીરપુર રોડ મોરબી ખાતે એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. એચ.ટી. વીજજોડાણમાં ૧૩૦૦ + ૧૯૦૦ કેવીએનો લોડવધારો કરી ૩૨૦૦ કેવીએની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ નું એગ્રીમેન્ટ તા.૧૫.૦૩.૨૦૨૧ થી કરેલ છે. ત્યારબાદ કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૧૯૦૦ કેવીએથી નીચે આવતી હોવાથી સંલગ્ન કચેરીના કાર્યપાલક ઈજનેરને રૂબરૂ લોડ ઘટાડો (૩૨૦૦ – ૧૩૦૦ = ૧૯૦૦) કેવીએ કરવા માટે જરૂરી ફોર્મ ભરી અરજી કરવા ગયેલ જે અનુસંધાને કાર્યપાલક ઈજનેર દ્વારા અપાયેલ સુચના મુજબ ટોટલ ૩૨૦૦ કેવીએના ૧૦% એટલેકે ૩૨૦ કેવીએનો લોડઘટાડો જ કરી શકાશે. જેથી તા.૦૬.૦૫.૨૦૨૨ ના રોજ ૩૨૦૦ કેવીએ માંથી ૩૨૦ કેવીએ લોડ ઘટાડો કરી ૨૮૮૦ કેવીએ લોડની અરજી કરેલ જે કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી મોરબી દ્વારા તા.૨૦.૦૬.૨૦૨૨ થી મંજુર કરેલ છે.

૨.૨ અરજદારના સદર યુનીટની મશીનરીમાં ફેરફાર થવાથી ડીમાન્ડ ઓછી આવતી હોય, જેને ધ્યાનમાં લઇ જરૂરી દસ્તાવેજો સાથે તા.૧૫.૦૪.૨૦૨૩ ના રોજ કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી,મોરબીને ૨૮૮૦ કેવીએ માંથી ૯૮૦ કેવીએનો ઘટાડો કરી ૧૯૦૦ કેવીએનો લોડ કરવા માટે અરજી કરેલ. ત્યારબાદ પત્ર નં. **MRB/REV/HT** લોડ ઘટાડો/1550 તા.૨૦.૦૪.૨૦૨૩, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મોરબી દ્વારા આ લોડ ઘટાડાની અરજીને **SUPPLY CODE-2015 CLAUSE NO. 4.102** અનુસાર ગ્રાહ્ય ન રાખી શકાય તેવું જણાવી આ લોડ ઘટાડાની અરજી દફતરે કરવામાં આવેલ છે.

૨.3 અરજદારે આ લોડ ઘટાડાની અરજી **SUPPLY CODE-2015 CLAUSE NO. 4.102** ને ધ્યાનમાં રાખીને જ કરેલ છે. જે **CLAUSE NO. 4.102** નીચે ફરીથી જણાવેલ છે.

4.102 If any consumer terminates his Agreement within period of 2 years the commencement of new or additional supply (or where no formal agreement is tendered, if the supply is not utilized for the period of 2 years which would have been applicable if an agreement has been tendered) he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal agreement. Reduction of load to the time of 10% of the sanctioned load specified in the agreement (formal or Informal) should be allowed after 1 year after the date of the agreement without recovering minimum charges for such reduction load for the period short of the period of 2 years.

વધુમાં વીજજોડાણના લોડઘટાડા માટે SUPPLY CODE-2015 ના CLAUSE NO. 4.84 (જે નીચે ફરીથી જણાવેલ છે) તે મુજબ એગ્રીમેન્ટ કરવાનો હોય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

CLAUSE No. 4.84 If supply of enhanced load is feasible, the consumer shall:

(1) Pay additional security deposit, cost of addition or alteration required to be made to the system, if any, and system strengthening charges/capacity building charges, if any, within 30 working days of receipt of the demand note; and

(2) Execute a supplementary Agreement for the additional load.

ઉપરોક્ત વિગતે કુલ કોન્ટ્રાક્ટ લોડ ૩૨૦૦ કેવીએ માંથી ૧૯૦૦ કેવીએનો લોડ તા.૦૭.૦૫.૨૦૨૧ ના રોજ રીલીઝ કરવામાં આવેલ તેનું એગ્રીમેન્ટ તા.૧૫.૦૩.૨૦૨૧ ના રોજ કરેલ છે. જે એગ્રીમેન્ટ પીરીયડ તા.૧૪.૦૩.૨૦૨૩ ના રોજ પૂર્ણ થાય છે; અને બાકીનો જુનો લોડ ૧૩૦૦ કેવીએ જેનું એગ્રીમેન્ટ ઓક્ટોમ્બર-૨૦૨૦ માં કરેલ છે, અને તેનો એગ્રીમેન્ટ પીરીયડ બે વર્ષ પહેલેથી જ પૂર્ણ થયેલ છે જેથી ૧૩૦૦ કેવીએના લોડ ઘટાડો માટે હકકદાર છે.

૨.૪ અરજદાર દ્વારા તા.૧૫.૦૪.૨૦૨૩ થી ૨૮૮૦ માંથી ૯૮૦ કેવીએનો લોડ ઘટાડો કરવાની અરજીને કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી,મોરબી-૧ દ્વારા સપ્લાય કોડ ૨૦૧૫ ના CLAUSE NO. 4.102 નું ખોટી રીતે અર્થઘટન કરી રદ કરેલ છે, સપ્લાય કોડ ૨૦૧૫ ના CLAUSE NO. 4.102 મુજબ ૧૩૦૦ કેવીએનો લોડ કે જેનો એગ્રીમેન્ટ પીરીયડ ૦૨ વર્ષ પહેલેથીજ પૂર્ણ થયેલ છે.

૨.૫ ઉપરોક્ત અરજી તા.૧૫.૦૪.૨૦૨૩ મુજબ ૨૮૮૦ કેવીએ માંથી ૯૮૦ કેવીએનો લોડઘટાડો કરી કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૧૯૦૦ કેવીએ કે જે મૂળ લોડઘટાડાની માંગણી (૩૨૦૦ – ૧૩૦૦ = ૧૯૦૦ કેવીએ) તા.૦૬.૦૫.૨૦૨૨ થી લોડઘટાડો મંજુર કરવામાં આવે તેવો હુકમ કરવા નમ્ર વિનંતી છે.

૨.૬ સદર એચ.ટી. વીજજોડાણમાં એપ્રિલ-૨૦૨૨ થી નોંધાયેલ વધુમાં વધુ ડીમાન્ડ નીચે મુજબ છે.

| ક્રમ | માસ | નોંધાયેલ એક્ચ્યુઅલ ડીમાન્ડ |
|---|---|---|
| ૧ | એપ્રિલ-૨૨ | ૧૫૬૬ કેવીએ |
| ૨ | મેં-૨૨ | ૨૩૮ કેવીએ |
| ૩ | જુન-૨૨ | ૧૧૪ કેવીએ |
| ૪ | જુલાઈ-૨૨ | ૧૨૭ કેવીએ |
| ૫ | ઓગષ્ટ-૨૨ | ૬૨ કેવીએ |
| ૬ | સપ્ટેમ્બર-૨૨ | ૬૩ કેવીએ |
| ૭ | ઓક્ટોબર-૨૨ | ૬૭ કેવીએ |
| ૮ | નવેમ્બર-૨૨ | ૬૨ કેવીએ |
| ૯ | ડીસેમ્બર-૨૨ | ૩૨૧ કેવીએ |
| ૧૦ | જાન્યુઆરી-૨૩ | ૧૩૩૦ કેવીએ |
| ૧૧ | ફેબ્રુઆરી-૨૩ | ૧૫૮૨ કેવીએ |
| ૧૨ | માર્ચ-૨૩ | ૧૭૨૨ કેવીએ |
| ૧૩ | એપ્રિલ-૨૩ | ૧૬૩૯ કેવીએ |
| ૧૪ | મે-૨૩ | ૧૬૬૪ કેવીએ |
| ૧૫ | જુન-૨૩ | ૧૬૬૨ કેવીએ |
| ૧૬ | જુલાઈ-૨૩ | ૧૪૨૧ કેવીએ |
| ૧૭ | ઓગષ્ટ-૨૩ | ૧૬૨૧ કેવીએ |
| ૧૮ | સપ્ટેમ્બર-૨૩ | ૧૭૨૭ કેવીએ |

ઉપર મુજબ એચ.ટી. વીજજોડાણની નોંધાયેલ વધુમાં વધુ ડીમાન્ડ એપ્રિલ-૨૦૨૨ થી ૧૯૦૦ કેવીએથી ઓછી છે, જે બાબત ધ્યાનમાં લેવા વિનંતી છે.

૨.૭ સદર પ્રકારની લોડઘટાડાની બાબતમાં માન. વિદ્યુત લોકપાલશ્રી એ કેશ નં- ૫૬/૨૦૧૭ મેં. સાકાર ગ્લેઝડ ટાઈલ્સ પ્રા. લી. ના કેશમાં તેમજ કેશ નં. ૬૩/૨૦૧૯ મેં. ઓલ્વીન ગ્રેનીટોના કેશમાં ઉપર મુજબની રજૂઆતને લઇ અરજદાર (ગ્રાહક)ની તરફેણમાં હુકમ કરવામાં આવેલ છે. જે ધ્યાનમાં લઇ યોગ્ય હુકમ કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી મેં.સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. મોરબી-૧ વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૪૫૦૨ થી હાલમાં ૧૯૦૦ કે.વી.એ.ની કોન્ટ્રાક્ટ ડીમાન્ડનું એચ.ટી. કનેક્શન ધરાવે છે.

૩.૧ સદર વીજજોડાણ જે તે સમયે મે. ક્લેરિસ સિરામિક્સ પ્રા. લી. (ગ્રા. નં. ૩૪૫૦૨) દ્વારા ૧૩૦૦ કેવીએમાં, ૧૯૦૦ કેવીએનો લોડ વધારો કરી ૩૨૦૦ કેવીએ વિજવપરાશ માટેનો કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરેલ હતો અને આ લોડવધારા દરમ્યાન સયુંકત રીતે એગ્રીમેન્ટ કરવામાં આવેલ હતું. જે અરજદારની અરજીમાં બિડાણ કરેલ છે તેમજ સદર લોડ વધારો તા.૦૭.૦૫.૨૦૨૧ ના રોજ રિલીઝ કરવામાં આવેલ હતો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૨ સદર કનેક્શનમાં તા.૦૪.૦૯.૨૦૨૧ ના રોજ મે. ક્લેરિસ સિરામિક્સ પ્રા. લી. માંથી મે. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. માં નામ ટ્રાન્સફર કરવામાં આવેલ હતુ. તા.૨૪.૦૫.૨૦૨૨ ના રોજ ૩૨૦૦ કેવીએ માંથી ૨૮૮૦ કેવીએ લોડ ઘટાડાની અરજી કરતા સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ નં. ૪.૧૦૨ મુજબ આપના ટોટલ લોડ માંથી ૧૦% લોડ ઘટાડો એટલેકે ૩૨૦૦ કેવીએ માંથી ૨૮૮૦ કેવીએ તા.૨૬.૦૫.૨૦૨૨ ના રોજ મંજુર કરેલ હતો. ત્યારબાદ અરજદાર દ્વારા તા.૧૭.૦૩.૨૦૨૩ ના રોજ હાલનો લોડ ૨૮૮૦ કેવીએ માંથી ૧૯૦૦ કેવીએ કરવાની અરજી કરેલ હતી. જે અન્વયે અરજદારના સદર વીજજોડાણમાં લોડ વધારાના ૦૨ વર્ષ પૂર્ણ થયેલ ન હોય પત્ર નં. **MRB-1/REV/HT** લોડ ઘટાડો/૧૫૫૦ તા.૨૦.૦૪.૨૦૨૩ થી સદર લોડ ઘટાડા અરજી રદ કરેલ હતી.

3.3 આમ, અરજદાર દ્વારા તા.૧૫.૦૩.૨૦૨૧ ના રોજ ૩૨૦૦ કેવિએ કુલ ડીમાન્ડ વિજવપરાશ કરવા માટેના કરાયેલ એગ્રિમેન્ટની શરત નંબર ૩ મુજબ સ્પષ્ટ છે કે જૂની ડીમાન્ડ સાથે નવી ડીમાન્ડ મુજબ વિજવપરાશ માટે ૦૨ વર્ષ માટે ફરીથી ગ્રાહક દ્વારા હસ્તાંતર કરવામાં આવેલ છે. સદર લોડ વધારો તા.૦૭.૦૫.૨૦૨૧ ના રોજ રિલીઝ કરવામાં આવેલ હતો. આમ, એગ્રિમેન્ટની શરત નં. ૩(બ) મુજબ આ એગ્રિમેન્ટ ૦૨ વર્ષ માટે કરવામાં આવેલ હોય તથા સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ નં. ૪.૧૦૨ મુજબ કુલ લોડને ૦૨ વર્ષ પુરા થયેલ ન હોય લોડ ઘટાડો કરી શકાય નહિ માટે અરજદારની અરજી રદ કરેલ હતી.

3.૪ વધુમાં અરજદાર દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ માન. વિધુત લોકપાલશ્રીના કેસોમાં જે અભિપ્રાય આવેલ હોય તેની વિરુધ્ધમા કંપની દ્વારા હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરેલ હોય, જે હાલ ગ્રાહ્ય રાખી શકાય નહિ. વધુમાં જણાવવાનું કે અરજદારના લોડ વધારાને ૨ વર્ષ પૂર્ણ થયા બાદ ૨૮૮૦ કેવીએ માંથી ૧૯૦૦ કેવીએની લોડઘટાડાની અરજી કરતા તા.૧૬.૦૫.૨૦૨૩ના રોજ અરજદારનો લોડ ઘટાડો મંજુર કરેલ છે.

## ::હુકમ::

૪.0 અરજદારે તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ મે.સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. મોરબી-૧ વિભાગીય કચેરી હેઠળ એચ.ટી. વીજજોડાણ નં. ૩૪૫૦૨ થી કરારીત વીજભાર ૧૯૦૦ કેવીએનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ અગાઉ તેઓના સદર એચ.ટી. વીજજોડાણમાં ૧૩૦૦ કેવીએમાં + ૧૯૦૦ કેવીએ મુજબ વીજભાર વધારો કરતા ૩૨૦૦ કેવીએની ડિમાન્ડ કરેલ, જેનું એગ્રીમેન્ટ તા.૧૫-૦૩-૨૦૨૧ ના રોજ કરેલ હતું, અને સદર વીજભાર વધારો તા.૦૭.૦૫.૨૦૨૧ થી રીલીઝ કરાયેલ હતો.

ત્યારબાદ સદર વીજજોડાણમાં ડિમાન્ડ ૧૯૦૦ કેવીએથી ઓછી આવતી હોવાથી કોન્ટ્રાક્ટ ડીમાન્ડમાં ૧૩૦૦ કેવીએ વીજભાર ઘટાડા માટેની અરજી કરતા સંલગ્ન પીજીવીસીએલની વિભાગીય કચેરી દ્વારા જણાવેલ કે હયાત ૩૨૦૦ કેવીએની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ માં ૧૦% સુધીજ વીજભાર ઘટાડો મંજુર થઇ શકે તે મુજબ સદર ૩૨૦૦ કેવીએની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ માથી ૩૨૦ કેવીએ વીજભાર ઘટાડા કરવાની અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૨૦.૦૬.૨૦૨૨ ના રોજ વીજભાર ઘટાડા મંજુર કરતા કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૨૮૮૦ કેવીએ અમલમાં આવેલ.

૪.3 ત્યારબાદ સદર વીજજોડાણમાં ડીમાન્ડ ઓછી આવતી હોવાથી અરજદાર દ્વારા તા.૧૫.૦૪.૨૦૨૩ ના રોજ હયાત ૨૮૮૦ કેવીએની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ માંથી ૯૮૦ કેવીએ ઘટાડીને ૧૯૦૦ કેવીએ કોન્ટ્રાક્ટ ડીમાન્ડ કરવા માટેની અરજી પીજીવીસીએલની સંલગ્ન વિભાગીય કચેરીમાં કરેલ, પરંતુ પીજીવીસીએલના પત્ર

તા.૨૦.૦૪.૨૦૨૩ થી સપ્લાય કોડ-૨૦૧૫ ના ક્લોઝ ૪.૧૦૨ મુજબ વીજભાર ઘટાડાની અરજી ગ્રાહ્ય રાખેલ નથી અને અરજી દફતરે કરેલ હતી.

૪.૪ (૧) અરજદારની રજૂઆત મુજબ સપ્લાય કોડ-૨૦૧૫ ના ક્લોઝ ૪.૧૦૨ અન્વયે અને વીજભાર ઘટાડાની બાબતમાં વિદ્યુત લોકપાલ શ્રી દ્વારા કેસ નં ૫૬/૨૦૧૭ – મેં. સાકાર ગ્લેઝ ટાઈલ્સ પ્રા. લી. અને કેસ નં -૬૩/૨૦૧૯- મેં. ઓલ્વીન ગ્રેનીટો કે જે બન્નેના હુકમો મુજબ અરજદાર ગ્રાહકની તરફેણમાં આવેલ છે, જે બાબતોને ધ્યાનમાં લઇને યોગ્ય હુકમ કરવા ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે.

(૨) સદર વીજજોડાણ ૧૩૦૦ કેવીએ માટેનું એગ્રીમેન્ટ માહે ઓક્ટોબર-૨૦૨૦ માં કરેલ તેના એગ્રીમેન્ટનો ૦૨-વર્ષનો સમય પૂર્ણ થયેલ હોવાથી, તા.૧૫.૦૪.૨૦૨૩ ની અરજી ૧૩૦૦ કેવીએનો વીજભાર ઘટાડો કરવાની પાત્રતા ધરાવતા હોવા છતાં હયાત ૨૮૮૦ કેવીએની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ માંથી ૯૮૦ કેવીએ ઘટાડીને ૧૯૦૦ કેવીએ કોન્ટ્રાક્ટ ડીમાન્ડ કરવા માટેની નામંજૂર કરેલ છે જેથી અરજદારે નીચે મુજબની રજૂઆત મંજુર કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

(૧) તા.૦૬.૦૫.૨૦૨૨ થી કરેલ લોડઘટાડાની અરજી મુજબ (૩૨૦૦ કેવીએ - ૧૩૦૦કેવીએ) ૧૯૦૦ કેવીએ કરારીત વીજભાર મંજુર કરવો અને

(૨) તા.૧૫.૦૪.૨૦૨૩ ના રોજ હયાત ૨૮૮૦ કેવીએ માંથી ૯૮૦ કેવીએ વીજભાર ઘટાડાની અરજી ગ્રાહ્ય રાખીને ૧૯૦૦ કેવીએ ડિમાન્ડ મંજુર કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ અરજદારના સદર એચ.ટી. વીજજોડાણમાં થયેલ ફેરફારની વિગત નીચે મુજબ છે.

| એચ.ટી. ગ્રાહકનું નામ | વિગત | મંજુર તારીખ / રજૂઆત તારીખ | કરારીત વીજભાર (કેવીએ) | કરારનામા મુજબ વીજભાર વધારાની ૦૨ વર્ષની મુદત પૂર્ણ થવાની તારીખ / વિગત |
|---|---|---|---|---|
| મે. ક્લેરિસ સિરામિક્સ પ્રા. લી. | નવું વીજજોડાણ | ૦૨.૧૧.૨૦ | ૧૩૦૦ | ૦૧.૧૧.૨૦૨૨ |
| મે. ક્લેરિસ સિરામિક્સ પ્રા. લી. | લોડવધારો | ૦૭.૦૫.૨૧ | ૩૨૦૦ (૧૩૦૦+૧૯૦૦) | ૦૬.૦૫.૨૦૨૩ |
| મે. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. | નામ બદલી | ૦૪.૦૯.૨૧ | ૩૨૦૦ | |
| મે. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. | લોડઘટાડો | ૨૦.૦૬.૨૨ | ૨૮૮૦ (૩૨૦૦-૩૨૦) | |
| મે. સોરીસો ગ્રેનીટો એલ.એલ.પી. | લોડઘટાડો | ૧૫.૦૪.૨૩ (અરજી તા.) | ૧૯૦૦ (૨૮૮૦-૯૮૦) | મંજુર કરેલ નથી. (પત્ર તા.૨૦.૪.૨૩) |

૪.૬ સદર કેસમાં નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના લાગુ પડતા ક્લોઝ ૪.૮૪ અને ૪.૧૦૨ નીચે મુજબ નોંધાયેલ છે.

"4.84 If supply of enhanced load is feasible, the consumer shall:

(1) Pay additional security deposit, cost of addition or alteration required to be made to the system, if any, and system strengthening charges/capacity building charges, if any, within 30 working days of receipt of the demand note; and

(2) Execute a supplementary Agreement for the additional load."

"4.102 If any consumer terminates his Agreement within period of 2 years of commencement of new or additional supply (or where no formal Agreement is tendered, if the Supply is not utilized for the period of 2 years which would have been applicable if an agreement has been tendered, he shall be liable to pay the minimum charges for each month the short of the period of 2 specified in the agreement or the stipulated period of 2 years in absence of any formal agreement. Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement (formal or informal) should be allowed after one year after the date of agreement without recovering minimum charges for such reduced load for the period short of the period of 2 years."

૪.૭ સદર એચ.ટી. વીજજોડાણ અન્વયે કરવામાં આવેલ એગ્રીમેન્ટના ક્લોઝ નં – 3(b) નીચે મુજબ નોંધાયેલ છે.

(b) In the event of addition of Contract demand on request of the Consumer OR increase in Contract demand on review by the Distribution Licensee as provided in the "Supply Code" notified by the Hon'ble GERC, the period of Agreement shall automatically be extended for further 2 (two) years for entire Contract Demand from the date of effect of such additional demand.

૪.૮ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારનું વીજજોડાણ નં. ૩૪૫૦૨ થી ૧૩૦૦ કેવીએ તા.૦૨.૧૧.૨૦૨૦ થી રીલીઝ કરેલ હતું, જેના એગ્રીમેન્ટનો સમયગાળો તા.૦૧.૧૧.૨૦૨૨ થી પૂર્ણ થતો હતો, તે દરમ્યાન સદર વીજજોડાણમાં કરારીત વીજભાર ૧૩૦૦ કેવીએ + ૧૯૦૦ કેવીએ (વધારો) = ૩૨૦૦ કેવીએ તા.૦૭.૦૫.૨૦૨૧ થી રીલીઝ કરાયેલ, ત્યારબાદ અરજદારને વીજભારની જરૂરીયાત ન હોવાથી એગ્રીમેન્ટ મુજબ ૦૨ વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોવાથી સપ્લાય કોડ ક્લોઝ નં -૪.૧૦૨ મુજબ ૧૦% પ્રમાણે તા.૨૬.૦૫.૨૦૨૨ થી ૩૨૦ કેવીએનો વીજભાર ઘટાડો કરતા નવો કરારીત વીજભાર ૨૮૮૦ કેવીએ થયેલ હતો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૧૭-03-૨૦૨૩ ની ૨૮૮૦ કેવીએ માંથી ૧૯૦૦ કેવીએ વીજભાર કરવાની અરજી પીજીવીસીએલ દ્વારા નામંજુર કરેલ છે કારણકે એગ્રીમેન્ટ મુજબ વીજભાર વધારાના ૦૨ વર્ષ પૂર્ણ થયેલ ન હતા, એટલેકે તા.૦૬-૦૫-૨૦૨૩ સુધી ૨૮૮૦ કેવીએ વીજભાર જાળવવો ફરજીયાત હતો. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની સદર અરજી ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

૪.૯ અરજદારની રજૂઆત ૨.૭ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ વિદ્યુત લોકપાલશ્રી ના હુકમ નં – ૬૩/૨૦૧૯ મેં. ઓલ્વીન ટાઈલ્સ ઇન્ડિયા પ્રા. લી.ની તરફેણ માં આવતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નામદાર હાઈકોર્ટ અમદાવાદ ખાતે SCA નં -૨૧૫/૨૦૨૧ થી કેસ દાખલ કરેલ છે, જે હાલ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પડતર છે.

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ અને ૪.૯ મુજબની વિગતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો–૨૦૧૯ જાહેરનામા નં. ૦૨/૨૦૧૯ ના વિનિયમ નં. ૨.૩૩ (૧) માં કરાયેલ જોગવાઈ અનુસાર અત્રેના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમના કાર્યક્ષેત્ર બહાર હોય આ બાબતે અત્રેના ફોરમ તરફથી વિશેષ કાંઈપણ કરવાનું રહેતું ન હોવાથી, અરજદારની સદર રજુઆત દફતરે કરવામાં આવે છે.

Joshi Nitinkumar

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.